# ભાવનગર મહાનગરપાલિકા – ભાવનગર

બી. જા. નં. ૧૫૧૪

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
બિલ્ડીંગ વિભાગ
મહાનગરપાલિકા,ભાવનગર
તા. ૧૩ /૦૧ /૨૦૨૩

–: દફતરી હુકમ :–

**વિષયઃ– વર્કએજન્સી શ્રી ભવાની કન્સ્ટ્રકશન કુ.ને બ્લેક લિસ્ટમાં (કાળી યાદીમાં) મુકવા બાબત.**

કામનુ નામઃ– ભાવનગર શહેરમાં આવેલ અકવાડા તળાવના વિકાસ ફેઈઝ–૨નાં કામ.

સંદર્ભઃ–(૧) અત્રેથી એજન્સીને આપવામાં આવેલ L.O.A બી.જા.નં. ૯૪૨ તા. ૨૮ / ૦૯ / ૨૦૨૨

(૨) અત્રેથી તારીખ ૨૩ /૦૯ / ૨૦૨૨ થી TECHNOMAX REAL ESTATE LLP ને મોકલેલ EMAIL

(૩) અત્રેથી તારીખ ૨૪ /૦૯ / ૨૦૨૨ થી TECHNOMAX REAL ESTATE LLP ને મોકલેલ EMAIL

(૪) એજન્સીને અત્રેથી મોકલેલ પત્ર બી.જા.નં. ૯૭૫ તા. ૧ / ૧૦ / ૨૦૨૨

(૫) અત્રેથીTECHNOMAX REAL ESTATE LLP ને મોકલેલ પત્ર બી.જા.નં. ૯૭૮ તા. ૦૩ / ૧૦ / ૨૦૨૨

(૬) એજન્સીને અત્રેથી મોકલેલ પત્ર બી.જા.નં. ૧૦૩૬ તા. ૧૧ / ૧૦ / ૨૦૨૨

(૭) એજન્સીની રજુઆત પત્ર તા. ૧૨ / ૧૦ / ૨૦૨૨

(૮) તા. ૦૯ / ૧૧ / ૨૦૨૨થી TECHNOMAX REAL ESTATE LLP ના ૪ (ચાર) ભાગીદારો પાસેથી આધારો રજુ કરવા તથા પ્રમાણપત્ર વેરીફાઈ કરવા અત્રેથી મોકલેલ ઈ–મેઈલ

(૯) ટેન્ડર સ્ક્રુટીની કમિટીનો અહેવાલ તા. ૨૪ / ૧૧ / ૨૦૨૨

(૧૦) એજન્સીને અત્રેથી મોકલેલ પત્ર બી.જા.નં. ૧૩૩૭ તા. ૧૭ / ૧૨ / ૨૦૨૨

(૧૧) એજન્સીની રજુઆત પત્ર તા. ૨૨ / ૧૨ / ૨૦૨૨

(૧૨) એજન્સીને બી.જા. નં. ૧૪૯૮ તા. ૧૧ / ૦૧ / ૨૦૨૩થી કરવામાં આવેલ હુકમ

ઉપરોકત વિષય અને સંદર્ભીત પત્રો અન્વયે નીચેની બાબતો ધ્યાને લેવામાં આવેલ છે.

– એજન્સીને અત્રેથી મોકલેલ પત્ર બી.જા.નં. ૧૦૩૬ તા. ૧૧ / ૧૦ / ૨૦૨૨ ના પત્રના અનુસંધાને એજન્સી ધ્વારા તેમના પત્ર તા. ૧૨ / ૧૦ / ૨૦૨૨ થી અપુરતા આધારો સાથે રજુઆત કરવામાં આવેલ હતા.

કોમ્પ્યુટર વિભાગ
ઇન્વર્ડ નંબર ૨૩૨૬
તા. 13-1-23

[illegible]
24/01/23

–એજન્સીએ રજુ કરવામાં આવેલ અનુભવ અંગેનુ પ્રમાણપત્રમાં TECHNOMAX REAL ESTATE LLP નુ મેઈલ, ફોન નંબર કે અન્ય કોઈ સંપર્ક માટેની જરૂરી વિગતો દર્શાવેલ ન હોવાથી કંપની પાસે જરૂરી આધારો મેળવવા ગુગલ પરથી સર્ચ કરી કંપની તથા કંપનીના ઈમેલ એડ્રેસ મેળવીને કંપની તથા કંપનીના ભાગીદારોને અત્રેથી ઈ મેઈલ મોકલી માહીત માંગવામાં આવેલ હતી.

– તા. ૦૯ / ૧૧ / ૨૦૨૨થી TECHNOMAX REAL ESTATE LLP ના ૪ (ચાર) ભાગીદારો પાસેથી આધારો રજુ કરવા તથા પ્રમાણપત્ર વેરીફાઈ કરવા અત્રેથી ઈ–મેઈલ મોકલેલ જે અન્વયે ભાગીદારો ધ્વારા કોઈ આધારો રજુ કરવામાં આવેલ નથી. કે કોઈ પ્રત્યુતર પાઠવવામાં આવેલ નથી. અંતે આ બાબતે વધુ ખરાઈ કરવા અત્રેથી ગુગલઅર્થમાં Sane Guruji Auditorium, Bibvewadi, Pune અંગે સર્ચ કરતા આવુ કોઈ બાંધકામ હાલ હયાત હોવાનુ કે અસ્તિત્વમાં હોવાનુ જણાતુ નથી.

– એજન્સીને અત્રેથી મોકલેલ અંતિમ નોટીસ પત્ર બી.જા.નં. ૧૩૩૭ તા. ૧૭ / ૧૨ / ૨૦૨૨ ના અનુસંધાને એજન્સીના પત્ર તા. ૨૨ / ૧૨ / ૨૦૨૨થી ફકત રજુઆત કરવામાં આવેલ હતી પરંતુ માંગવામાં આવેલ જરૂરી આધાર પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

ઉપરોક્ત વિગતોએ એજન્સીને તથા Sane Guruji Auditorium, Bibvewadi, Pune નુ બાંધકામના કામનુ અનુભવનું પ્રમાણપત્ર આપનાર TECHNOMAX REAL ESTATE LLP ને જરૂરી આધારો રજુ કરવા જાણ કરવા છતા પુરતા જરૂરી આધારો રજુ કરવામાં આવેલ નથી.

એજન્સી ધ્વારા જરૂરી આધાર પુરાવા રજુ કરવાના બદલે સંદર્ભ (૧૦)થી માત્ર રજુઆત કરવામાં આવેલ હતી. પરંતુ માંગવામાં આવેલ આધારો રજુ કરવામાં આવેલ નથી. આમ પુરતા આધારો રજુ કરવામાં એજન્સી નિષ્ફળ નિવડેલ હતા. સમગ્ર વિગતે એજન્સી ધ્વારા રજુ કરવામાં આવેલ TECHNOMAX REAL ESTATE LLP કંપની ધ્વારા એજન્સીને આપવામાં આવેલ Sane Guruji Auditorium, Bibvewadi, Pune નાં બાંધકામ અંગેનું અનુભવનું સર્ટીફિકેટ ગ્રાહય રાખી શકાય તેમ ન હોવાથી અમાન્ય ઠેરવવામાં આવેલ હતુ. તથા આ અકવાડા તળાવ ડેવલપમેન્ટ ફેઈઝ–૨ના કામના ટેન્ડરમાં એજન્સીને ડિસકવોલીફાઈ કરવામાં આવેલ હતુ અને સંદર્ભીત ક્રમાંક (૧) બી.જા.નં. ૯૪૨ તા. ૨૮ / ૦૯ / ૨૦૨૨ થી એજન્સીને આપવામાં આવેલ એલ.ઓ.એ રદ કરી આ અકવાડા તળાવ ડેવલપમેન્ટ ફેઈઝ–૨ના કામનાં એજન્સીને (કોન્ટ્રાકટ) ટર્મીનેટ કરવા સંદર્ભીત ક્રમાંક (૧૨)થી હુકમ કરવામાં આવેલ હતો.

તમામ વિગતોએ એજન્સી ધ્વારા TECHNOMAX REAL ESTATE LLP કંપની ધ્વારા એજન્સીને આપવામાં આવેલ Sane Guruji Auditorium, Bibvewadi, Pune નાં બાંધકામ અંગેનું અનુભવનું સર્ટીફિકેટ રજુ કરી ભાવનગર મહગનગરપાલિકાને ગેરમાર્ગે દોરવામાં આવેલ છે જે ગંભીર બાબત હોય આથી ભાવનગર મહાનગરપાલિકામાં ભરપાઈ કરેલ અર્નેસ્ટ મની ડિપોઝીટ ની રકમ ફોરફીટ કરવામાં આવે છે તથા એજન્સી શ્રી ભવાની કન્સ્ટ્રકશન કુ., ૨૧૨ બીજો માળ, રત્નદીપ કોમ્પ્લેક્ષ, સેન્ટ્રલ સોલ્ટની સામે,વાઘાવાડી રોડ, ભાવનગરને ભાવનગર મહાનગરપાલિકાના કામો માટે બ્લેક લીસ્ટ કરવા (કાળી યાદીમાં મુકવા) હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત મુજબ સબંધિત તમામ વિભાગોને અમલ કરવા આથી જણાવાવામાં આવ છે.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

નકલ રવાના જરૂરી જાણ અર્થે તથા આનુષંગિક કાર્યવાહી અર્થેઃ–
(૧) શ્રી ભવાની કન્સ્ટ્રકશન કુ.૨૧૨ બીજો માળ, રત્નદીપ કોમ્પ્લેક્ષ, સેન્ટ્રલ સોલ્ટની સામે,વાઘાવાડી રોડ,ભાવનગર
(૨) સીટીએન્જીનીયરશ્રી – ભાવનગર મહાનગરપાલિકા ભાવનગર
(૩) નાયબ કમિશ્નરશ્રી (એડમીન) – ભાવનગર મહાનગરપાલિકા ભાવનગર
(૪) નાયબ કમિશ્નરશ્રી (જનરલ) – ભાવનગર મહાનગરપાલિકા ભાવનગર
(૫) ચીફ ઓડિટરશ્રી
(૪) ચીફ એકાઉન્ટન્ટશ્રી
(૫) ભાવનગર મહાનગરપાલિકાના સંબંધીત તમામ વિભાગો
(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન , પાનવાડી, વિભાગ
(૭) ઈડીપી મેનેજરશ્રી....વેબ સાઈટમાં પ્રસિધ્ધ હેતુ કાર્યવાહી સારૂ.
(૮) સબંધીત પ્રકરણે